ગાંધીનગર સમાચાર
તા. ૩-૬-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### મેગી જેવા ઝેરી ખાદ્યપદાર્થોના બ્રાન્ડ એમ્બેસેડરોને કડક બોધપાઠ આપવાની જરૂર

મેગી જેવી ઇન્સ્ટન્ટ ફૂડ આઇટમની જાહેરખબરોમાં કરોડો રૂપિયા કમાઇ લેનારા અમિતાભ બચ્ચન, માધુરી દીક્ષિત કે પ્રીતિ ઝિન્ટા જેવા બોલીવુડ કલાકારો સામે પણ રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચે કાનૂન કાર્યવાહી કરવાની ચમકી આપી છે તે લોકશાહી દેશમાં માનવ આરોગ્ય સાથે ચેડાં કરવાની પ્રવૃત્તિના મુદ્દે સરજાઇ રહેલી જાગૃતિની નિશાની છે. કેન્દ્રીય ગ્રાહક બાબતોનાં મંત્રાલયના અધિક સચિવ જી. ગુરુચરણે જાહેરાતોમાં કરાયેલા દાવા ખોટા ઠરતાં આવા સેલિબ્રિટી બ્રાન્ડ એમ્બેસેડરો સામે પણ કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. મેગીમાં મળેલ સીસાનું પ્રમાણ એની બાંધેલી મર્યાદા કરતાં સત્તર ગણું વધારે છે. મેગી નૂડલ્સમાં મોનો સોડિયમ ગ્લુકોમેટનું પણ પ્રમાણ ઘણું વધારે છે. સીસું ઘાતક ધાતુ છે, જે કેન્સર ઉપરાંત મગજના રોગો અને કિડનીની બિમારી નોતરી શકે છે. એથી મૃત્યુ પણ નીપજી શકે છે. ઉત્તરપ્રદેશની બારાબંકી કોર્ટે ઉપરોક્ત ત્રણે સેલિબ્રિટી સ્ટાર્સને પહેલી જુલાઇના રોજ અદાલતમાં હાજર રહેવા જણાવ્યું છે. કહેવાતી પ્રગતિકૂચ માનવીના સ્વાસ્થ્ય સાથે કેવી ખતરનાક નીવડી શકે એનું નેસ્લે જેવી પ્રતિષ્ઠિત કંપની દ્વારા બજારમાં મુકાતી આ સ્વાદિષ્ટ વાનગી છે. અત્યાર સુધી કરોડો લોકોના પેટમાં પહોંચી ગયેલી આ વાનગીમાં ઘાતક ઝેરી પદાર્થોનું ઊંચું પ્રમાણ મળી આવતાં સ્વાભાવિક રીતે જ સરકાર અને સમાજમાં ઊહાપોહ મચી ગયો છે. આપણા લોકપ્રિય અભિનેતાઓ અને ક્રિકેટરો જેવાઓને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી કરોડો રૂપિયા ચુકવનારી આવી મલ્ટિનેશનલ ફૂડ કંપનીઓ એમની પ્રોડક્ટ્સ વેચીને ધૂમ કમાણી કરતી રહી છે. જે વખતે આવા પદાર્થોની જાહેરખબર કરતા હોય છે ત્યારે અમિતાભ બચ્ચન કે માધુરી દીક્ષિત જેવા એનાં મોંફાટ વખાણ કરતા હોય છે. હકીકતમાં એમને તો એ ચીજ વિશે પ્રાથમિક માહિતી સુદ્ધાં હોતી નથી. એમને માત્ર કંપની દ્વારા એમને આપેલી સ્ક્રિપ્ટ જ પોપટની જેમ બોલી જવાની હોય છે. એમના ચહેરાઓથી પરિચિત અને એમનામાં આંધળી શ્રદ્ધા ધરાવતી પ્રજા માટે તો એમની ભલામણ બ્રહ્મવાક્ય જેવી બની રહે છે. પૈસાના મોહમાં આરોગ્યને હાનિકારક ખાદ્ય સામગ્રીની અતિશયોક્તિભરી જાહેરાત કરનારા આવા અભિનેતાઓ અને અભિનેત્રીઓ કે રમતવીરો ખરેખર માનવદ્રોહી ગણાવા જોઇએ. એમને આ પ્રકારની ગેરમાર્ગે દોરનારી જાહેરાતો કરી પ્રજાને જીવલેણ બીમારીઓ ભણી ધકેલનારી ઉત્પાદક કંપનીઓ જેટલા જ મોટા ગુનેગાર ગણીને સખત નશ્યત કરવામાં આવશે તો એથી એક દાખલો બેસશે. કલાકારો પ્રત્યે પ્રજાને વધુ પડતો મોહ હોય છે. આ મોહને વટાવવા માટે ઉદ્યોગગૃહો તૈયાર જ બેઠાં હોય છે. પ્રજા તો મૂર્ખ બનતી રહેતી હોય છે. સરકારની ફરજ છે કે એને આવાં તત્ત્વો સામે જાગૃત કરે. બ્રાન્ડ એમ્બેસેડરોનાં નામે કરોડો કમાઇ લેનારા સિને સ્ટાર્સ પોતે આવી હાનિકારક ચીજવસ્તુઓ આરોગતા નથી. તેઓ ફક્ત દેખાવ ખાતર કેમેરા સામે એ ખાવાનું નાટક કરે છે. અમિતાભ, માધુરી અને પ્રીતિ ઝિન્ટાએ દેશની પ્રજાની જાહેર માફી માગવી જોઇએ.





સેક્ટર-૨૨ શ્રી સ્વામિનારાયણ પોલિટેકનીક સંસ્થામાં નવીન ભોજનાલયનું ઉદ્‌ઘાટન શાસ્ત્રી શ્રી જ્ઞાન પ્રકાશ સ્વામી અને શાસ્ત્રી શ્રી હરીવલ્લભ સ્વામીના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સામાન્ય પ્રવાહની માર્કશીટનું વિતરણ હવે ચોથી જુને કરાશે

## પરિણામ શનિવારના દિવસે જાહેર કરી દેવાયું હતું પરંતુ માર્કશીટનું વિતરણ કરાયું ન હતું : વિદ્યાર્થીમાં હજુ ઉત્સુકતા

અમદાવાદ, તા. ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં લેવામાં આવેલ ગત શનિવારે જાહેર કરવામાં આવ્યું હતું. જે છેલ્લા ૨૪ વર્ષનાં ઈતિહાસમાં સૌથી ઓછુ એટલે કે ૫૪.૯૮ ટકા રહ્યું હતું જો કે શનિવારે માત્ર વેબસાઈટ ઉપર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરાયું હતું. એટલે કે વિદ્યાર્થીઓને માર્કશીટ અને અન્ય પ્રમાણપત્રો આપવામાં આવ્યા ન હતા. ત્યારે હવે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ અને પ્રમાણપત્રોનું વિતરણ આગમી ચાર જુન અને ગુરુવારના રોજ કરવામાં આવશે આ સાથે જ ધોરણ-૧૨ ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમની વિદ્યાર્થીઓની માર્કશીટ અને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવશે.

આ માર્કશીટ અને પ્રમાણપત્રો જિલ્લા વિતરણ કેન્દ્ર ખાતેથી ગુરુવારે સવારે ૧૦:૦૦ થી ૪:૦૦ કલાક દરમિયાન મેળવી શકાશે. જેથી રાજયની તમામ સામાન્ય પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આચર્યોએ લેડર પેડ પર સહી સિક્કા કરીને પોતાના પ્રતિનીધીને જિલ્લા વિતરણ કેન્દ્ર ખાતે મોકલી વિદ્યાર્થીઓની માર્કશીટ અને પ્રમાણપત્રો મેળવી લેવાના રહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓ જે શાળામાંથી બોર્ડની પરીક્ષા આપી હોય તે શાળામાંથી પોતાની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટી, ટ્રાયલસર્જટી, ક્રેડીટ સટી, જાતિનું પ્રમાણપત્ર સહીતના પ્રમાણપત્રો ગુરુવારે સવારે ૧૧:૦૦ કલાક બાદ મેળવી શકશે.

### માર્ચ-૨૦૧૫ના ગુણપત્રકોનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૧૫ની સામાન્ય પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાંના ગુણપત્રકનું વિતરણ તા. ૪-૬-૨૦૧૫ના ગુરૂવારના રોજ જિલ્લાના વિતરણ કેન્દ્ર ખાતે સવારના ૧૦.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે. તો જિલ્લાની સામાન્ય પ્રવાહની શાળાઓએ શાળાના લેટર પેડ પર આચાર્યના સહી-સિક્કા કરી શાળાના પ્રતિનિધિએ પરિણામ મેળવી લેવાનું રહેશે.

## હરિની દ્રષ્ટિ...




ખુશ ન થા... દૂધનાં બે રૂપિયા વધ્યા છે, એટલે તને વધુ ઘાસ નહિ મળે... પેટ્રોલના ત્રણ વધ્યા છે એટલે તારે માટે એક રૂપિયાનું ઘાંસમાં કાપ થશે... !!!



### 'ભગવત ગીતા ચેમ્પીયન લીગ' વિજેતા મરિયમ સિદીકી મુખ્યમંત્રીની મુલાકાતે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને મુંબઇ-મહારાષ્ટ્રમાં યોજાયેલી ભગવદ ગીતા શ્લોક પઠન 'ભાગવત ગીતા ચેમ્પીયન લીગ'ની વિજેતા કુમારી મરિયમ સિદીકીએ ગાંધીનગરમાં મળીને તેમની શુભેચ્છાઓ પ્રાપ્ત કરી હતી. ૧૨ વર્ષીય કુ. મરિયમ સિદીકી ધોરણ-૬માં અભ્યાસ કરે છે અને ભગવદ ગીતા ચેમ્પીયન લીગમાં ૧૯૫ શાળાઓના પાંચ હજાર સ્પર્ધકોમાં તેણીએ શ્રેષ્ઠતા પૂરવાર કરી વિજેતા પદ મેળવ્યું છે. મુખ્યમંત્રીશ્રીને આજે મળેલી મરિયમે પોતાને મળેલો રૂ. ૧૦ હજારનો પુરસ્કાર મુખ્યમંત્રી સ્વછતા નિધિમાં અર્પણ કરીને સ્વચ્છતા પ્રત્યેની પોતાની સમાજ પ્રતિબધ્ધતાના દર્શન કરાવ્યા હતા. શ્રીમતી આનંદીબહેન પટેલે આ બાળકીના પ્રેરક અભિગમની પ્રસંશા કરતાં ઉજ્જવળ ભાવિની શુભેચ્છાઓ આપી હતી.

# કોમર્સ કોલેજોમાં પ્રવેશ માટે આજે માર્ગદર્શનનું સેમિનાર

## આગામી પાંચમી જૂનથી ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા

અમદાવાદ, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોમર્સ કોલેજોમાં બીકોમમાં પ્રવેશ માટે માહિતી પુસ્તીકા અને પિનંનબંરનું હાથ ધરાયુ છે જ્યારે આગામી પાચમી જુન જુનથી ઓનલાઈન રેઝીસ્ટેશન શરૂ થવાનું છે. ત્યારે કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ મુજબ અપાનારા પ્રવેશમાં આ વખતે યુનિવર્સિટીએ કોમર્સ કોલેજો માટે પાર્ટીસિપેટ ઈન્સ્ટિટ્યુટ મોડ્યુલ બનાવ્યું છે જેને પગલે દરેક કોમર્સ કોલેજે વિદ્યાર્થીઓને પ્રવેશ અંગેનું માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત નરોડા વિસ્તારમાં આવેલ સરકારી કોર્મસ કોલેજમાં સેમીનાર યોજાશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ વિદ્યાર્થીઓને કોમર્સ કોલેજોમાં પ્રવેશ માટે યુનિવર્સિટી ઉપરાંત કોલેજોમાંથી પણ માર્ગદર્શન મળી શકે તે માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીઆઈ મોડ્યુલ બનાવ્યું છે. આ મોડ્યુલ અનુસાર યુનિવર્સિટી સંલગ્ન દરેક કોમર્સ કોલેજે વિદ્યાર્થીઓને પ્રવેશ અંગેનું માર્ગદર્શન આપવાનું રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીને કઇ કોલેજમાં પ્રવેશ મળ્યો કે કઇ કોલેજમાંથી પ્રવેશ રદ કર્યો એ માહિતી જે તે કોલેજ પણ મેળવી શકશે. અગાઉ પ્રવેશ પ્રક્રિયા દરમિયાન પોતાની કેટલી બેઠકો ભરાઈ તેની માહિતી કોલેજોને મળતી નહોતી, પરંતુ આ વખતે પીઆઈ મોડ્યુલથી કોલેજો પોતાની બેઠકોની સ્થિતિ જાણી શકશે. આ યોદજના અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીની એડમિશન કમિટિ દ્વારા નરોડામાં આવેલી સરકારી કોમર્સ કોલેજમાં આવતીકાલે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનારમાં બીકોમ, બીબીએ, એમએસસીઆઈટી, એમબીએ સહિતના અભ્યાસક્રમાં પ્રવેશ અંગેની માહિતી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં બીકોમ, બબીએ, બીસીએ તથા પાંચ વર્ષના ઈન્ટિગ્રેટેડ કોર્સ એમએસસી આઈટી અને એમબીએ સહિત કુલ પાંચ કોર્સની કુલ ૭૧ કોલેજની અંદાજે ૨૭૦૦૦ બેઠક માટે પ્રવેસ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ અનુસાર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. જો કે, આ વખતે વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન વખતે જ ચોઈસ ફીલિંગનો વિકલ્પ આપી દેવાયો છે જે અનુસાર વિદ્યાર્થીએ ઓછામાં ઓછી ૧૫ કોલેજની પસંદગી કરવાની રહેશે. બે તબક્કામાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. વિદ્યાર્થીઓ તારીખ ૫મી જૂનથી ૧૧મી જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

# બે મિનિટમાં બનતી 'મેગી' બની વાંકીચૂંકી સ્વર્ગની સીડી!

## વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

આપણે જયારે વડીલસત્તાક હતાં ત્યારે વડીલો કહેતા કે અન્ન તેવું મન. કોઈની ખરાબખસ્ત નજર પણ ખોરાક ઉપર ન પડવી જોઈએ. આજે 'મેગીએ ભારતીયોને ઝેર પીરસવાનું શરૂ કર્યું છે. આ પ્રકારના સમાચાર સાંભળતા આપણા પૂર્વજોની અનુભવ વાણી ફરી ઝણઝણીને જીવતી થઈ છે. ક્યારેક એવું લાગે કે વિદેશી કંપનીઓએ ભારતના બાળકોને સમૂળગા નબળા બનાવવાની હોડ શરૂ કરી હશે કે શું ? (આમ પણ ગોરા બાળકો પાસે તેમના રંગ સિવાય શું બાકી રહ્યું છે?) કૃત્રિમ સ્વાદના ચસકા સસ્તા પડે એટલે આ વિદેશી કંપનીઓ આપણને ફોસલાવવા નિત્યનવીન જાહેરાતો કરી નબળા મનના માનવીને બગાડી મૂકે છે. આપણે પણ હૉટેલને બીજા રસોડાનો દરજ્જો આપવાની ઉતાવળમાં લાગીએ છીએ. ઘરનો હાંડવો કે લાપશી કે વઘારેલા બટકાંની મજા કરાવવાની જવાબદારી કોની ? બાળક તો લપસણી ભૂમિ છે.

લખનૌની આહાર સુરક્ષા અને ઔષધ (ડ્રગ) નિયમન સંસ્થાએ **(FSDA)**, ફૂડ સેફટી અને સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા મેગીના લાયસન્સને રદ કરવા માટેની અરજી દાખલ કરી છે. મેગીમાં ૦.૦૧ (ને બદલે ૨૭ પીપીએમ જેટલું અતિમાત્રામાં લીડ જોવા મળ્યું. કૃત્રીમ રસાયણો લાંબા ગાળે વજનમાં વધારો, મગજની બીમારીઓ, લીવરમાં બગાડ, બ્લડપ્રેશરમાં વધારો અને ચેતાતંત્રીય વ્યવસ્થામાં પણ ઉણપ ઉભી કરે છે. બાળકોના સ્વાસ્થ્યને બરબાદ કરવાની ક્ષમતા ધરાવતા બહારના ભોજનને બદલે બાજરીના કે મકાઈના રોટલામાં ઘી ગોળ નાખીને આપવાનો સમય થઈ ગયો છે. બે મિનિટમાં બનતું આ 'મીની મેગી ભોજન આપણી આળસને ઉશ્કેરનારું અને કૃત્રિમ સન્માનને વધારનારું પણ છે.

ધી ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ (એફએસએસ) એક્ટ **(Prevention of Food Adulteration Act, 1954)** વર્ષો પહેલાનો ખંડેર કાયદો છે. જેમાં છેલ્લા વીસ વર્ષોમાં બદલાયેલા ફાસ્ટફૂડને કાબુમાં કરવાના કાયદાની કલમો ક્યાંથી હોય ? આ તો નવી પેઢીના ગુનેગારોને આતંકવાદીઓને લાકડીથી કાબુમાં લેવા જેવી વાહિયાત વાત થઈ. ખોરાક જેવી અતિ સંવેદનશીલ બાબતને આપણી કાયદા પદ્ધતિઓ ઓળખી શકતી નથી. જેમ કે, ફૂડ પ્રોડક્ટ કાયદો ૧૯૫૫, મીટ ફૂડ પ્રોડક્ટ ૧૯૭૩, દૂધની બનાવટો અંગેનો કાયદો ૧૯૯૨ અને વનસ્પતિ તેલની બનાવટો અંગેના (૧૯૯૮) જેવા ઘસાઈ ગયેલા કાયદાઓ આપણે ક્યારે બદલીશું? જાગૃત કર્મશીલો ક્યારનાયે કાયદાઓની મર્યાદાઓ અને નબળાઈઓ બાબતે બુમરાણ મચાવતા રહ્યા છે. પણ સરકારો પાસે કે અધિકારીઓ પાસે એ કાયદા બદલવા માટેનો સમય ક્યાં છે?

બજારમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારની વેરાઈટીવાળી મેગીમાં મોનોસોડિયમ ગ્લૂટામેટ નામનું ખતરનાક તત્વ વધુ માત્રામાં મળી આવ્યું છે જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. જો કે આ કેમિકલ માત્ર મેગી જ નહીં પરંતુ અન્ય ફૂડમાં પણ મળે છે. તાજેતરમાં જ ઉત્તરપ્રદેશમાં એક સંશોધન બાદ તેને બિલકુલ બિન સ્વાસ્થ્યપ્રદ જાહેર કરી દેવામાં આવી છે. મેગીમાં મોનોસોડિયમ ગ્લૂટામેટ વધુ પ્રમાણમાં મળી આવ્યું છે. આ મોનોસોડિયમ ગ્લૂટામેટ મગજ ઉપર ખૂબ ખરાબ અસર પાડે છે. બાળકોના માનસિક વિકાસને અવરોધે છે. આ ઉપરાંત એક સોડિયમ સોલ્ટ છે જે ધીમું ઝેર પણ ગણાય છે. આ મોનોસોડિયમ ગલૂટામેટ ડબ્બામાં બંધ પેકેટ ફૂડ અને પ્રોસેસ્ડ ફૂડમાં વધુ પ્રમાણમાં મળી આવે છે. વેફર અને અન્ય પડીકાબંધ ખોરાકથી પણ ચેતવા જેવું તો ખરું!

એમએસજી એટલે કે મોનોસોડિયમ ગ્લુટામેટ એક પ્રકારનું ધીમું ઝેર ગણાય છે. સફેદ ચમકતા રંગનો એમએસજી અજીનોમોટો તરીકે પણ ઓળખાય છે અને તે સોડિયમ સોલ્ટ છે. ચાઈનીઝ ફૂડ અને પેકેટ ફૂડના તમે શોખીન હોવ તો તેમાં એમએસજીનું પ્રમાણ વધુ હોય છે. આ એક એવા પ્રકારનો મસાલો છે જે સ્વાસ્થ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે. આ એક એવું ધીમુ ઝેર છે જે તમારા ખોરાકના સ્વાદને નથી વધારતું પરંતુ તમારી સ્વાદ ગ્રંથીઓના કાર્યને દબાવી દે છે. તેના સેવન બાદ ખરાબ સ્વાદની ખબર પડતી નથી. તેના અધિક સેવનથી માથાનો દુખાવો, પરસેવો અને ચક્કર આવવાની સમસ્યાઓ થઈ શકે છે. માત્ર બે મિનિટમાં બનનારી મેગીની તપાસ બાદ ધ્યાનમાં આવ્યું છે કે તેમાં મોનોસોડિયમ ગ્લૂટામેટ કેમિકલ (એમએસજી) વધુ માત્રામાં હોય છે. ભારતીય ખાદ્ય સુરક્ષા તથા માનક પ્રાધિકરણ(એફએસએસએઆઈ) ધ્વારા તેની તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. જયારે મેગીના સેંપલની તપાસ કોલકતાની રેફરલ લેબોરેટરીમાં કરવામાં આવી તો તેમાં આ કેમિકલની માત્રા સામાન્ય કરતા વધુ જોવા મળી હતી. આ ઉપરાંત મેગીમાં પ્રતિ દસ લાખ ૧૭ મો ભાગ લેડ પણ જોવા મળ્યો હતો.

મેગીની જેમ એવા કેટલાય આહાર હશે જેનાથી આપણે બચવું જોઈએ.. જો તમે ડબ્બા ફૂડના શોખીન હોવ તો સમજી લો કે તેમાં મોનોસોડિયમ ગ્લૂટામેટ હોય છે જે હાનિકારક છે. આ ઉપરાંત તમામ ચાઈનીઝ વાનગીઓ, પ્રોસેસ્ડ ફૂડ, ચિપ્સ, મીઠાવાળા સ્નેક્સ વગેરેમાં પણ મોનોસોડિયમ ગ્લૂટામેટ હોય છે. હવા બંધ પદાર્થોનો સ્વાદ વધારવા માટે મોનોસોડિયમ ગ્લુટામેટ ઉમેરવામાં આવે છે.

નેસ્લેનો બીજો એક વિવાદ ઘોડાના માંસ અંગેનો છે. સ્વિટ્ઝર્લેન્ડની સૌથી મોટી ફૂડ કંપની નેસ્લેની ગાયના માંસની પ્રોડક્ટમાં ઘોડાનું માંસ આવી જતાં વિવાદ થયો છે. વિવાદ મોટો એટલા માટે છે કે માંસાહાર કરતાં લોકો ઘોડાનું માંસ અયોગ્ય અને બિનસ્વાસ્થ્યકારક માને છે, જોકે ડોક્ટરોએ પણ ઘોડાનાં માંસથી નુકસાન થાય છે તેવા અહેવાલો સમયાંતરે આપ્યા છે. અહીં તો માંસાહારની વાત છે પણ જયાં શાકાહારીઓના ખોરાકની વાત આવે છે ત્યાં ખૂબ જ મોટો મુદ્દો ચાલી રહ્યો છે. કેટલાંક લોકોનો દાવો છે કે મેગી નૂડલ્સ અને લેય્ઝ કંપની દ્વારા વેચાતી પોટેટા ચિપ્સમાં ડુક્કરની ચરબીનો ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને મુસ્લિમ દેશોમાં અને અખાતી દેશોમાં આ પ્રોડક્ટ સામે સખત વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. નેસ્લેના બીફ પેકેટમાં ગાયને બદલે ઘોડાનું માંસ આવ્યું અને પકડાયું અને વિવાદ થયો, બાકી તો આ પેકેટ વેચાઈ પણ ગયાં હોત અને ખવાઈ પણ ગયાં હોત. તો શું ખરેખર આપણે જે ખાઈએ છીએ તે સો ટકા શુદ્ધ અને ભેળસેળ રહિત હોય છે કે કેમ તેવો પ્રશ્ન થયા વગર રહે જ નહીં. નેસ્લેની પ્રોડક્ટમાં ઘોડાનું માંસ મળતાંની સાથે જ તેણે સ્પેન અને ઈટાલી ખાતેની પોતાની બીફ પાસ્તાની પ્રોડક્ટ પાછી ખેંચી લીધી હતી. તેણે અન્ય માર્કેટમાંથી પોતાની પ્રોડક્ટ પાછી ખેંચવાની કવાયત શરૂ કરી દીધી છે.

ગાયના નામે ઘોડાનું માંસ વેચવાની બબાલમાં અત્યાર સુધીમાં ૧૨ યુરોપીય દેશો ફસાયા છે. આવી જ રીતે લેય્સ ચિપ્સ અને મેગીનો પણ વિવાદ ચાલે છે. લોકોનું કહેવું છે કે લેય્ઝમાં ઉપયોગમાં લેવાતું ઈનગ્રેડિયન્ટ ઈ-૬૩૧ હકીકતમાં ડુક્કરની ચરબી છે, તેનાં કારણે જે લોકો શાકાહારી છે તેમનો ધર્મ ભ્રષ્ટ થાય છે, તે ઉપરાંત અનેક લોકો ઉપવાસમાં પણ વેફર ખાતાં હોય છે તો તેમનું શું. કંપની અલગ અલગ નામે ઈનગ્રેડિયન્ટ લખતી હોય છે અને ગ્રાહકને તેની સાચી જાણ હોતી નથી તેથી તે ગમે તે પ્રોડક્ટ ખરીદી લે છે, આવી રીતે ગ્રાહકોને ગેરમાર્ગે દોરીને પોતાની પ્રોડક્ટ વેચતી કંપનીઓ સામે સખત પગલાં લેવાવાં જોઈએ. ભારતમાં વેચાતી લેય્ઝ અને મેગીમાં આવતા પીગ ફેટનું શું? હિન્દુ હોય કે મુસ્લિમ કે કોઈ પણ જ્ઞાતિ હોય તેના માટે આ ફેટ નુકસાનકારક જ છે. ઈ-૬૩૧નો અર્થ થાય છે ડાયસોડિયમ આઈનોસાઈનેટ. આ એક ફૂડ એડેટિવ છે જે સામાન્ય રીતે ઈન્સ્ટન્ટ નૂડલ્સ અને પોટેટો ચિપ્સમાં ઉપયોગમાં લેવામાં આવે છે, તેનો ઉપયોગ ડાયસોડિયમ ગુઆનીલેટ સાથેનાં સંયોજન સાથે પણ કરવામાં આવે છે. લેય્ઝ દ્વારા અમેરિકન રાજયોમાં ચીઝ ચિપ્સમાં ખાસ કરીને આ સંયોજનનો ઉપયોગ કરવામાં આવતો હોવાના પણ ખુલાસા થયા હતા. આ ડાયસોડિયમ આઈનોસાઈનેટ અથવા તો ઈ-૬૩૧ ત્રણ રીતે મેળવવામાં આવે છે, તે સારડિનેસ(માછલી)માંથી મેળવવામાં આવે છે, બીજું તે બિયર બનાવવા માટે ઉપયોગમાં લેવાતા યિસ્ટ અથવા તો ટેપીઓકા સ્ટાર્ચમાંથી લેવામાં આવે છે. ત્રીજું તે ડુક્કરની ચરબીમાંથી મેળવવામાં આવે છે. તો આજે હો જાય લાપશી!